## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




**જો હું ચાઈનાની પ્રોડક્ટની સખત વિરોધી છું...હું અહીં મારા સભ્યો સાથે જ્યારે જ્યારે મીટીંગમાં આવુ ત્યારે બીલમાં મન્ચુરીયનની જગ્યાએ કોબીના ભજીયા લખવા અને નૂડલ્સની જગ્યાએ વઘારેલી સેવ એવું લખવું...!!!**

# પાલજમાં પાણીની પોકારને ડામવા નવી લાઇન નાંખવાનુ કામ શરૂ કરાયુ

### જુની સિમેન્ટની લાઈનમાં લીકેજીસની સમસ્યા જટીલ બની હતી નવી લોખંડની લાઈન નાંખવા માટે ૩૫ લાખનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર શહેરના પાલજ ગામમાં પાણીની નવી પાઈપલાઈન નાંખવા માટે કામ હાથ ધરાયુ છે. પાલજમાં દાયકાઓ જુની લાઈનના લીધે પાણીની સમસ્યા જટીલ બની છે. જેના લીધે આકરી ગરમીના દિવસોમાં પણ ફોર્સથી પાણી ન આવતુ હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં પાણીની પોકારને ડામવા માટે તંત્ર દ્વારા રૂ ૩૫ લાખના ખર્ચે નવી લાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે.

શહેરી વિસ્તારના ગામોમાં પાણીની નવી લાઈન નાંખવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરાશે. શહેરી ગામોમાં માળખાગત સુવિધાના કામો હાથ ધરવા માટે અવારનવાર સ્થાનિકો દ્વારા રજુઆત કરવામાં આવે છે. આ ગામોમાં દાયકાઓથી જરૂર કામગીરી થઈ ન હોવાનો આક્રોશ પણ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે. પાણી રસ્તા ગટર અને સ્ટ્રીટ લાઈટની કામગીરી અન્વયે સમયાંતરે સ્થાનિક જાગૃત નાગરિકો દ્વારા રજુઆત કરવામાં આવે છે. જયારે છેલ્લા ઘણાં સમયથી પાણીનો કકળાટ પણ શહેરી ગામોમાં ઉઠવા પામ્યો છે. જેને અનુલક્ષીને અગાઉ તંત્ર દ્વારા પાણીના નવા બોર, ટાંકી અને ઓવરહેટ સંપનુ પણ નિર્માણ કરાયુ છે. જયારે આ કામગીરીના અંતે હવે તબક્કાવાર આ ગામોમાં પાણીની નવી પાઈપલાઈન નાંખવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જે અન્વયે પાલજ ગામમાં નવી લાઈન નાંખવાનુ કામ શરૂ કરી દેવાયુ છે.

પાલજમાં જુની સિમેન્ટની લાઈનમાં લીકેજીસની સમસ્યા પણ જટીલ બની હતી. જયારે હવે નવી લોખંડની લાઈન નાંખવામાં આવશે. હનુમાન મંદિર વિસ્તાર , ખાડીયા વાસમાં પાણીનો પ્રશ્ન હલ થશે. અગાઉ કોરોનાના મહામારીના લોકડાઉનના લીધે આ કામગીરી શરૂ કરી શકાઈ ન હતી. જયારે હવે પાઈપલાઈનનુ કામ શરૂ કરી દેવાયુ છે. આગામી ઓકટોબર મહીના સુધીમાં ૧ કી મી ની આ નવી લાઈન નાંખવાનુ કામ પુર્ણ કરી દેવાશે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેર અને જિલ્લામાં ૨૨મીથી ધો-૧૦ના ગુણપત્રકોનું વિતરણ કરવામાં આવશે.

● ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા હવે પુનઃ ગ્રામ્ય વિસ્તારના સરપંચો સાથે વિડીયો કોલિંગ કરી અને કોવિડ-૧૯ સંદર્ભે સમીક્ષા હાથ ધરવામાં આવી છે.

● ગાંધીનગર સે-૧ ખાતે લદ્દાખ સરહદે શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ આપવાના એક કાર્યક્રમનું આયોજન સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે થયું હતું.

● ગાંધીનગર શહેરમાં આજે રાજયસભાની ચૂંટણીના મતદાનનો મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો હતો.

● રાજયસભાની ચૂંટણીને લઈ વિધાનસભા ખાતે આધુનિક ટેકનોલોજીથી સુસજ્જ થયેલ સ્કેનીંગ મશીન મુકવામાં આવ્યું છે.

● આ ચૂંટણીમા કોરોનાથી સંક્રમીત થયેલા ૪ સભ્યોના મતદાન માટે પણ તંત્ર દ્વારા ખાસ તકેદારી લેવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની ખાતાકીય પસંદગી સમિતિની આજે બેઠક મળશે.

# ૬૮.૮૦ લાખ રેશન કાર્ડધારક પરિવારોને વિનામૂલ્યે અનાજ વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૧૮

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ રાજયના અંત્યોદય પરિવારોને અનાજ મેળવવામાં કોઇ તકલીફ ન પડે અને કોઇને ભૂખ્યા રહેવું ના પડે તેવા અંત્યોદય કલ્યાણ ભાવથી કોરોના વાયરસને પરિણામે સર્જાયેલી લોકડાઉનની સ્થિતિમાં એપ્રિલ અને મે મહિના દરમિયાન રાજ્યના ૬૮.૮૦ લાખ અંત્યોદય-ગરીબ પરિવારો સરળતાએ વિનામૂલ્યે અનાજ મળી રહે તેવી વ્યવસ્થાઓ સુનિશ્વિત કરી હતી.

હવે અનલોક-૧ અંતર્ગત જનજીવન પૂર્વવર્ત થવા માડ્યું છે, ત્યારે આવા પરિવારોને આર્થિક સક્ષમતા મળે ત્યાં સુધી મુખ્યમંત્રીએ વધુ એક સંવેદનાસ્પર્શી અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રીએ રાજયમાં ‘‘રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા’’ NFSA હેઠળ સમાવેશ કરાયેલા તથા અગ્રતા ધરાવતા પી.એચ.એચ એવા ૬૮.૮૦ લાખ અંત્યોદય પરિવારોના ૩ કરોડ ૩૬ લાખ લોકોને સતત ત્રીજીવાર જૂન મહિના માટે પણ વિનામુલ્યે અનાજ વિતરણનો નિર્ણય કર્યો છે.

તદઅનુસાર ૧૫મી જૂનથી રાજ્યની ૧૭ હજાર જેટલી સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી આ અનાજ વિતરણનો પ્રારંભ થઇ ગયો છે. આ વિતરણ તા. ૨૫મી જૂન સુધી ચાલવાનું છે.

સોશિયલ ડિસ્ટન્સીંગના નિયમોનું પાલન, ફરજિયાત માસ્કનો ઉપયોગ તથા ભીડભાડ ન થાય તેવી તકેદારી સાથે એન.એફ.એસ.એ હેઠળ સમાવેશ થયેલા ૬૮.૮૦ લાખ રેશન કાર્ડધારકોને સતત ત્રીજીવાર જૂન મહિનામાં પણ વિનામુલ્યે અનાજનું વિતરણ શરૂ થયું છે.

આ અનાજ વિતરણ વ્યવસ્થા યોગ્ય રીતે થઇ શકે તે માટે NFSA રેશન કાર્ડધારકોના કાર્ડ નંબરના છેલ્લા આંકડા મુજબ વિતરણના દિવસો નિર્ધારીત કરવામાં આવ્યા છે.

આમ રાજ્યના ૬૮.૮૦ લાખ NFSA કાર્ડધારક લાભાર્થીઓને રૂ. ૯૮૧ કરોડની બજાર કિંમતનું ૩.૮૧ લાખ મે.ટન અનાજ એપ્રિલ અને મે મહિનામાં રાજય સરકારે વિનામૂલ્યે પુરૂં પાડયું છે.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યમાં વસવાટ કરતા શ્રમિકો-મજદૂરો જેઓ રેશનકાર્ડ ધરાવતા નથી તેવા ૬.૩૮ લાખ લાભાર્થીઓને પણ ભૂખ્યા ન રહેવું પડે તેવા અભિગમથી ‘અન્ન બ્રહ્મ-આત્મનિર્ભર ભારત’ અન્વયે એપ્રિલ અને મે મહિના દરમ્યાન ઘઉં, ચોખા, ચણા દાળ, ખાંડ અને મીઠું મળી ૪૪૦૦ મે.ટન અનાજ જેની બજાર કિંમત ૧૩.૭૬ કરોડ થાય છે તે અનાજ પણ વિનામૂલ્યે આપીને રાજયમાં કોઇ ભૂખ્યુ ન સૂવે, સૌના પેટનો ખાડો પૂરાય તેવી સંવેદના પણ દર્શાવી છે.



આકાશમાં દેખાતા વાદળો જોઈ વરસાદની આશા બંધાય છે. હવામાન વિભાગ દ્વારા પણ જાતભાતની આગાહીઓ કરવામાં આવે છે. આટલા દિવસ વરસાદ આવશે... આટલી તિવ્રતાથી વરસાદ આવશે... પરંતુ વરસાદનુ નામોનિશાન અહીં ક્યાંય નથી. માત્ર એક વખત ધોધમાર વરસાદ વરસ્યા બાદ વરસાદ થંભી ગયો છે. આ વરસાદે અકળામણ વધારી છે. ભેજના કારણે ભયંકર બફારો થાય છે. ગભરામણ થાય તે હદે પરસેવો થાય છે અને બફારો અનુભવાય છે. વરસાદ પડે તો વાતાવરણમાં થોડીક ઠંડક થાય એમ છે. ગરમીથી હવે સૌ કોઈ ત્રાસી ગયા છે અને વરસાદની આશા રાખી રહ્યાં છે.

# ગુજરાત યુનિની જુલાઈમાં લેવાનારી પરીક્ષાઓ મોકૂફ

ગાંધીનગર,તા.૧૮

કોરોના વાયરસ ફાટી નીકળવાને પગલે હવે ગુજરાત યુનિવર્સિટીએ પરીક્ષાઓ અંગે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે જે અંતર્ગત આ વર્ષે યોજાનાર મેડિકલ અને પેરા મેડિકલ સિવાયની તમામ યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાઓ મોકૂફ રાખવામાં આવી છે. સંચાલન સમિતિની બેઠકમાં આગામી ૨ અને ૧૩ જુલાઈથી શરૂ થતી પરીક્ષા મુલતવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આમાં મેડિકલ અને પેરા મેડિકલ પરીક્ષાઓ લેવાશે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, વાલીઓની ઉગ્ર માંગ હતી કે, કોરોના વાયરસની મહામારી વચ્ચે વિદ્યાર્થીઓને એકઠા કરી પરીક્ષાઓ યોજવામાં ન આવે.

દિવસે દિવસે કેસો વધી રહ્યા છે. બીજી તરફ વિદ્યાર્થીઓ, કોલેજીયનોની સ્વાસ્થયની ચિંતાને ધ્યાનમાં રાખીને શાળા-કોલેજો બંધ છે. જયારે યુનિવર્સિટી દ્વારા ૨૫ મી જુનથી પરીક્ષાનું આયોજન કર્યુ હતુ. પરંતુ હવે તમામ લોકોના પ્રયત્નોથી આ પરીક્ષો મોકુફ રખાઈ છે. ઉલ્લેખનીય છે કે, સુરતની નર્મદા યુનિવર્સીટીએ પણ આવો નિર્ણય લીધો છે. કોરોનાની મહામારીના કારણે સુરતના કન્ટેન્ટમેન્ટ ઝોનમાં રહેતા અને અતરિયાળ વિસ્તારમાંથી આવનારા વિદ્યાર્થીઓ કેવી રીતે પરીક્ષા આપશે ? કયાં રહેશે ? જમવાની વ્યવસ્થા કેવી રીતે કરશે? આ બધા જ પ્રશ્નોને લઈને એનએસયુઆઈ, એબીવીપી તેમજ સેનેટ, સિન્ડીકેટ સભ્યોએ ભારે વિરોધ નોંધાવીને પરીક્ષા મોકૂફ કરવા માટે માંગ કરી હતી.

આ માંગણી વચ્ચે આજે સવારથી જ એનએસયુઆઈના ભાવેશ રબારી, મનિષ દેસાઈ સહિતના કાર્યકરોએ કુલપતિની ચેમ્બરની બહાર જયાં સુધી પરીક્ષા મોકૂફ નહીં થાય ત્યાં સુધી અંડીગો જમાવ્યો હતો. બીજી તરફ એબીવીપી પણ ૨૪ કલાકના અલ્ટીમેટમની રાહ જોઇ રહ્યુ હતુ. આવા સંજોગોને ધ્યાનમાં રાખીને આજે બપોરે ઇન્ચાર્જ રજિસ્ટ્રારે પરિપત્ર જારી કરીને મેડિકલ ફેકલ્ટી સિવાયની તમામ પરીક્ષાઓ આગામી ૧૩ મી જુલાઇ સુધી મોકૂફ કરી દેવાઇ છે. આ મોકૂફ કર્યા બાદ આગામી દિવસોમાં પરીક્ષાનો કાર્યક્રમ યુનિવર્સિટીની વેબસાઇટ પર જાહેર કરવામાં આવશે.

# કોરોના કહેર વચ્ચે રાજ્યમાં આગામી ૪ દિવસ વરસાદી માહોલ રહેવાની આગાહી

### હવામાન વિભાગના મતે ૨૧મી જૂને રાજ્યમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થશે

ગાંધીનગર,તા.૧૮

ગુજરાત સહિત સમગ્ર દેશમાં કોરોના વાયરસની મહામારી વચ્ચે આગામી ૪ દિવસ વરસાદી માહોલ બની રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગના મતે ૨૧મી જૂને રાજ્યમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થશે. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, દમણ, દાદરાનગર હવેલી, વલસાડ, સુરત, નવસારી, અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે ૧૭ અને ૧૮ના રોજ વલસાડમા ભારે વરસાદ પડવાની શક્યતાઓ દર્શાવી છે.

તા.૧૯ના રોજ વલસાડ, નવસારી, અમરેલી અને ભાવનગરમાં ભારે વરસાદ પડશે. તા.૨૦ અને ૨૧ જૂને વલસાડ, નવસારી, તાપી, ડાંગ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર તેમજ ગીર સોમનાથમાં પણ ભારે વરસાદ પડી શકે છે. આ સિવાય દિવ, દમણ અને દાદરા હવેલીમા પણ પાંચ દિવસ દરમિયાન ભારે વરસાદ પડવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યના વેધર વોચ ગ્રુપની મંગળવારે યોજાયેલી ઓનલાઈન બેઠકમાં હવામાન વિભાગ તરફથી એવી જાણકારી અપાઈ કે રાજ્યમાં બે અઠવાડિયામાં ઝાઝા વરસાદની શક્યતા નથી પણ ૨૬મી જૂનથી બીજી જુલાઈ વચ્ચે ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે.

રાજ્યમાં ૧૫મી જૂન સુધીમાં ૧૧.૪૬ ટકા વરસાદ થયો છે. છેલ્લા ૩૦ વર્ષમાં રાજ્યમાં સરેરાશ સિઝનમાં ૮૩૧ મિલીમીટર વરસાદ થાય છે. જેની સામે અત્યાર સુધીમાં ૯૫.૨૫ મિલીમીટર એટલે કે ૧૧.૪૬ ટકા વરસાદ નોધાયો છે. જો કે હજી કચ્છના અબડાસા અને લખપત અને દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકામાં વરસાદ થયો નથી. બેઠકમાં હવામાન વિભાગ દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરી જણાવ્યું હતું કે, આ અઠવાડિયે દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાં હળવોથી સામાન્ય વરસાદ થવાની શક્યતા છે.

રાજ્યમાં એક ઈંચથી ૧ મિમિ સુધી ૩૭ સ્થળે વરસાદ નોંધાયો છે. સૌથી વધુ એક ઈંચ વરસાદ ભાવનગરમાં નોંધાયો હતો. રાજ્યમાં છેલ્લા અઠવાડિયાથી વરસતા વરસાદમાં ઘટાડો નોધાયો છે. રાજ્યમાં ભારેથી મધ્યમ વરસાદની હવામાન વિભાગે આજે અને આવતીકાલે આગાહી કરી છે.

ગાંધીનગર શહેરની અમુક સમસ્યાઓ એવી છે કે જે ઘણા પ્રયત્નો કરવા છતાં ઉકેલાતી નથી. આ સમસ્યાઓ પૈકી એક છે ચોમાસાની સીઝનમાં



ઠેર ઠેર પડી જતાં ખાડા અને ભૂવા... ગાંધીનગર શહેરની જમીન ખેતરાઉ જમીન છે. વળી અહીં સાવ નજીકથી સાબરમતી નદી પસાર થાય છે. જેનો પટ રેતાળ છે. અહીંની જમીનમાં ઊંડે ઊંડે સુધી ક્યાંય ખડકાળ પડ નથી. માત્ર રેતી અને માટી જ છે. વરસાદ પડે એટલે આ માટી ખૂબ જ પોચી પડી જાય છે. જેના કારણે ઠેર ઠેર ભૂવા પડે છે. એમાંય જો ખોદકામ દરમ્યાન પૂરાણ યોગ્ય રીતે કરવામાં ન આવે તો ભૂવાઓની સંખ્યા વધતી જાય છે. થોડાક સમય અગાઉ શહેરમાં ઠેર ઠેર નાંખવામાં આવેલી સ્ટ્રોમ વૉટર પાઈપલાઈનની કામગીરીમાં પૂરાણ થયુ ન હોવાથી પહેલાં વરસાદ બાદ ઠેર ઠેર ભૂવા પડી ગયા હતા જે આ તસવીરમાં દેખાય છે.

## કલોલમાં મોબાઈલ પર જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર એલસીબી પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે કલોલના પંચવટી વિસ્તારમાં આવેલા સમર્થ બંગ્લોઝ ખાતે રહેતા પ્રકાશકુમાર જયંતિભાઈ પટેલ કલાક નવજીવન મીલ કંમ્પાઉન્ડમાં આવેલી પુજા ફાસ્ટફુડની સામે મોબાઈલ ઉપર તીન પત્તીનો જુગાર રમી અને રમાડી રહ્યા છે. જેને પગલે પોલીસે દરોડો પાડી તેને મોબાઈલ ઉપર તીનપતીનો જુગાર રમાડતા પકડી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી રૂ.૮ હજારની કિંમતનો મોબાઈલ ફોન અને રોકડા ૧૩૩૮૦ મળી આવ્યા હતા. પોલીસે રોકડ અને મોબાઈલ કબ્જે કરી જુગારધારાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

**જાહેરાત નંબર : એબી/ટીસી/૦૨, સને ૨૦૨૦-૨૧**

**ટેન્ડર આઈડી નં. ૪૧૨૮૭૮**

**ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પલાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬**

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ, (ગ-રોડ), ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી “Purchase of Test Filters for Checking the absorbance, stray light and wave lenght accuracy of HACH - DR 6000/DR 5000U.V. Visible spectrophotometer” માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ઠેકેદારે ટેન્ડરની શરતો પ્રમાણે ઉત્તીર્ણ થવાનું રહેશે. આ કામોની અંદાજીત કિંમત રૂ. ૬.૧૮ લાખ, બાનાની રકમ રૂ. ૬૧૮૪/- અને ટેન્ડર ફી રૂ. ૯૦૦/- છે. ટેન્ડર ઓનલાઈન સબમીશન કરવાની છેલ્લી તારીખ : ૭/૭/૨૦૨૦ના ૧૮.૦૦ કલાક સુધી છે. ટેન્ડર ડોક્યુમેન્ટ www.nprocure.com પર ઉપલબ્ધ છે.

બોર્ડને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે.

માહિતી/૨૭૫/૨૦-૨૧

## જાહેર નોટીસ

જત પંકજકુમાર રાવજીભાઈ પટેલ, રહેવાસી – બ્લોક નં.૪૬, ઈશ્વરકૃપા સોસાયટી, પંચવટી વિસ્તાર, મુ.તા.કલોલ, જી.ગાંધીનગરના, એ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીક્ટ ગાંધીનગરના શહેર ગાંધીનગર ટાઉનશીપના સેક્ટર નં.૮ માં આવેલ રહેણાંક પ્લોટ નં.૫૮૩/એ/૧ કે જેનું ક્ષેત્રફળ ૧૩૫ ચો.મીટર છે તે પ્લોટ તથા તેની ઉપર બંધાયેલ ભોંયતળીયાનું ૭૨.૪૫ ચો.મીટર, પ્રથમ મજલાનું ૭૨.૪૫ ચો.મીટર તથા કેબીનનું ૧૧.૬૫ ચો.મીટર મળી કુલ ૧૫૬.૫૫ ચો.મીટરના રહેણાંક બાંધકામ વાળી મિલ્કત પોતાની સ્વતંત્ર માલિકી તેમજ કબજા ભોગવટાની હોવાનું જણાવીને અમારી પાસેથી ટાઈટલ ક્લીયરન્સ સટીફિકેટની માંગણી કરેલ છે. તેમજ સદરહુ મિલ્કત અમારા અસીલને અઘાટ વેચાણ આપવાનું કબુલ કરેલ છે.

સબબ, આથી સર્વે લાગતા-વળગતાઓને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, સદરહુ મિલ્કતના ટાઈટલ્સ બાબતે કોઈપણ વ્યકિતનો ખોરાકી, પોષાકી કે અન્ય કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, ઈઝમેન્ટ, બાનાખતના હક્કો, ગણોત હક્ક, ડેવલપમેન્ટ હક્કો, લીસપેન્ડન્સ, લાગ-ભાગ, લિયન, ચાર્જ કે બોજો પોષાતો હોય અને તેના કારણે કોઈપણ પ્રકારનો વાંધો હોય તો તે અંગેની લેખિત જાણ અમોને પુરાવાઓ સહિત આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન – સાત (૭) માં નીચેના સરનામે કરવી, જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ મિલ્કતમાં કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો પોષાતો નથી અને જો પોષાતો હોય તો તે જતો (Waive) કરેલ છે. તેમ સમજી અમો સદરહુ મિલ્કતનું ટાઈટલ ક્લીયરન્સ સટીફિકેટ કાઢી આપીશું. તેમજ સદરહુ મિલ્કત અમારા અસીલ અઘાટ વેચાણ રાખી લેશે. ત્યારબાદ કોઈપણ વ્યકિતની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની આથી સર્વે લાગતા વળગતાઓએ નોંધ લેવી.

**સ્થળ : ગાંધીનગર.** **એફ.કે.લાખાણી, એસોસીએટસ્**

**તારીખ : ૧૮/૦૬/૨૦૨૦** **એડવોકેટસ્**

**૬૦૧, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, સેક્ટર નં.૧૧, ગાંધીનગર.**

